# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## પબ્લિસિટી વિભાગ


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
પબ્લિસિટી વિભાગ
પહેલો માળ,સરદાર પટેલ ભવન,દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧,ફોન નં.૨૫૩૯૧૮૧૧-૫૫૫
E Mail : publicity.amc@gmail.com


**પબ્લિસિટી ખાતું :**

પ્રેસ પ્રસિધ્ધિને લગતી કામગીરી, મ્યુ.ડેસ્ક ડાયરી નું પ્રકાશન આ ખાતેથી થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફ થી યોજાતા ઉદ્‌ઘાટન,શિલારોપણ,નાગરિક સન્માન,સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા સમારંભોને લગતી કામગીરી આ ખાતું સંભાળે છે.

| અધિકારી/કર્મચારી નું નામ | ઓફિસ | મોબાઈલ/રહેઠાણ |
|---|---|---|
| શ્રી આર. બી. બારડ<br>ડે.મ્યુનિસિપલ કમિશનર<br>(નવા પશ્ચિમ ઝોન/પબ્લિસિટી) | ૨૬૮૪૧૨૦૧<br>(નવા પશ્ચિમઝોન) | |
| શ્રી ચિરાગ પંચાલ<br>આસિ.મેનેજર | ૩૨૯૮૨૪૩૬ | ૯૩૨૭૫૫૫૨૨૫ |

**પબ્લિસિટી વિભાગની કામગીરી:**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું મહત્વનું અને જીવંત કામગીરી ધરાવતું પબ્લિસિટી ખાતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોની જાહેરખબર સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરે છે.આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મહત્વની ઘટનાઓ, મ્યુનિસિપલ હોદ્દેદારો દ્વારા થતી મહત્વની જાહેરાતો અને વિવિધ કાર્યક્રમોની માહિતી સભર પ્રેસનોટો પણ આ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત મ્યુનિસિપલ કમિશનરશ્રી સાથે દર અઠવાડિયે એક વાર પ્રેસ મીટીંગનું આયોજન કરી સ્થાનિક દૈનિક વર્તમાનપત્રના પત્રકારો અને કમિશનરશ્રી સાથે સીધી મુલાકાતનું આયોજન પબ્લિસિટી વિભાગ કરે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મહત્વના પ્રોજેકટો, નાગરિક સેવાઓ અને રીક્રિએશનલ સ્થળોનું ભૂમિપૂજન, લોકાર્પણના કાર્યક્રમોનું આયોજન ની કામગીરી જેવી કે નિમંત્રણ કાર્ડ છપાવવા, ફોટોગ્રાફી/વિડિઓગ્રાફી, સ્ટેજ, સ્ટેજ ડેકોરેશન, કાર્યક્રમનું સંચાલન, સંકલન અને કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ પ્રેસનોટની પ્રસિદ્ધિ પ્રેસ ફોટોગ્રાફ્સ સાથે આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## પબ્લિસિટી વિભાગ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માહિતી સભર વિવિધ ફોટો ગ્રાફ્સ અને વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ કાર્યક્રમોની માહિતી સાથેના ફોટોગ્રાફ્સ વાળી આકર્ષક ડાયરીનું "મ્યુનિસિપલ ડેસ્ક ડાયરી" પ્રકાશન પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુલાકાત આવતા દેશ વિદેશના પ્રતિનિધિ મંડળો સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરશનના મહત્વની પ્રોજેકટ સાઈટ અને મીટીંગો દ્વારા પ્રેઝન્ટેશન માટે જે તે ખાતે સંકલન કરી કોર્પોરેશનની વિકાસ ગાથાની માહિતી આ પ્રતિનિધિ મંડળોને આપવામાં આવે છે, જેના દ્વારા આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મેળવી ચુક્યુ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરશનના તંત્રમાં ઘટતી ઘટનાઓ, આકસ્મિક ઘટનાઓ કે કુદરતી હોનારતોની માહિતી સ્થાનિક પત્રકારોને, ફોટોગ્રાફરોને સાચી માહિતીથી વાકેફ કરી સ્પષ્ટ ચિત્ર શહેરીજનો સમક્ષ રજુ કરવામાં અને કોર્પોરેશનની કામગીરીથી વાકેફ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આમ, પબ્લિસિટી વિભાગ એ Event Management, Public Relation & Publication,Protocol, Electronic & Print Media Co-Ordination ની મહત્વની કામગીરી ધરાવતું ખાતુ છે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## પબ્લિસિટી વિભાગ

- **ડે.મ્યુનિસિપલ કમિશનર**
  - **આસિ.મેનેજર**
    - **સિનિયર કલાર્ક (પ્રેસ)**
      - **જુનિયર કલાર્ક - ૩**
        પ્રેસ કટીંગ,પ્રેસ-મિડિયાને લગતી તમામ કામગીરી, ડાયરી લગતી કામગીરી તથા ફંકશનને લગતી તમામ કામગીરી, કાર્ડ વિતરણની કામગીરી અને વહીવટી કામગીરી
        - પટાવાળા - ૨
    - **સિનિયર કલાર્ક (એકાઉન્ટ)**
      - **જુનિયર કલાર્ક - ૩**
        પેમેન્ટની તમામ કામગીરી, ઇન્વર્ડ આઉટવર્ડ, RTI ,બીલ કલાર્કને લગતી તમામ કામગીરી, કાર્ડ વિતરણની કામગીરી, વહીવટી કામગીરી તથા સૂચવ્યા મુજબની કામગીરી
        - પટાવાળા - ૧
    - **સિનિયર કલાર્ક (જાહેરખબર)**